# કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા આપેલ MSME પેકેજ ને આવકાર સાથે અભિનંદન

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અખબારી યાદી જણાવે છે કે સમગ્ર દુનિયા માત્ર જાણે એકજ રોગથી એકી સાથે પિડાતી હોય તેવી સમગ્ર દુનિયાની આ ઐતિહાસીક ઘટના...

જેમને વિશ્વની મહાસતા બનવાના અભરખા જાગ્યા હોય અને બની શકે તેમ ન હોવાના કારણે બ્રહ્માસ્ત્ર હથિયારનો દુરઉપયોગ કરીને સમગ્ર વિશ્વને તહેસનહેસ કરી નાખેલ છે. પણ પાપ કદી છુપાય નહી તેમ સમગ્ર વિશ્વ આ દેશને ઓળખી ગયેલ છે. અને સમગ્ર વિશ્વ પર આવેલા ખતરાનો સામનો કરી રહેલ છે. વિશ્વમાં ખુબ જ આગળ પડતા દેશો કે જેમની પાસે મેડીકલ સુવિધા સમગ્ર દુનિયામાં વણખાય છે. એવા દેશો પણ આ કોરોના વાયરસના કેરથી તહસનહસ થઈ ચુકયા છે. અને ખુબ મોટી સંખ્યામાં મોતને ભેટયા છે. ત્યારે ભારત દેશ પણ બાકાત નથી પરંતુ આપણા કોઠાસુજ ધરાવતા તેમજ સમગ્ર દુનિયામાં જેમને ભારતને આગવી ઓળખ અપાવેલ છે. એવા આપણા પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી □□□□□ભારતમાં તબકકાવાર લોકડાઉન આપી દેશની ૧૩૭ કરોડ પ્રજાની જીદગી બચાવવામાં સફળ રહેલ છે. જેની સમગ્ર વિશ્વએ  પ્રશંસા સાથે નોંધ લીધેલ છે.

આમ હવે સમગ્ર દેશમાં નિતીનીયમો સાથે લોકડાઉન ખોલી ને ધંધા રોજગારની પણ ચિંતા કરેલ છે જે પ્રસંશનીય છે.

સમગ્ર ભારતમાં MSME (સુક્ષ્મ, લઘુ, મધ્યમ) ઈન્ડસ્ટ્રીઝ લભગભ ૪૨% માં પથરાયેલ છે. સૌથી વધુ રોજગારી પુરી પાડનાર માધ્યમ છે. પણ નોટબંધી, જી.એસ.ટી. તેમજ કોરોનાના કેરથી મોટા ભાગની ઈન્ડસ્ટ્રી મૃતપાય હાલતમાં આવી ગયેલ છે. આવા કપરા સમયે આપણા દેશના કુનેહબાજ પ્રધાનમંત્રીશ્રીએ રૂા.૨૦ લાખ કરોડનું પેકેજ આપીને સમગ્ર દેશને આર્થિક બળ પુરૂ પાડેલ છે. અને એમાય સોનામાં સુગંધ  ભળે તેમ MSME ને ૩ લાખ કરોડનું પેકેજ ફાળવીને ગુજરાતની ઈન્ડસ્ટ્રીને જીવનદાન આપેલ છે. આ પેકેજને કેબીનેટ દ્વારા મંજુરી પણ આપી દીધેલ છે.

ગુજરાત રાજય MSME નું હબ હોય સૌથી વધુ ફાયદો ગુજરાતને થશે. સમગ્ર ભારતમાં લભગભ ૪૨% હિસો MSME નો હોય તેમજ સૌથી વધુ રોજગારી પુરી પાડનારૂ માધ્યમ હોય યોગ્ય સમયે પેકેજ મળવાથી ઉદ્યોગકારોમા સર્વત્ર હર્ષની લાગણી પ્રસરેલ છે. સાથોસાથ કેન્દ્ર સરકારનાં પગલે રાજય સરકારે પણ પેકેજ આપીને MSME ને પુનરાવર્તિત કરેલ છે. આ તકે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના પણ અમો આભારી છીએ.

આ પેકેજ ની વિશિષ્ટતા એ છે કે ખુદ કેન્દ્ર સરકાર જામીનગીરી આપે છે. કોઈપણ કોલલેટર સિકયુરીટી ઉદ્યોગકારોએ આપવાની નથી. જેથી માંદા એકમોને પણ લોન આપીને MSME  ને જીવનદાન મળેલ છે. ૨૯

ફેબ્રુઆરી સુધી રૂા.૨૫ કરોડ સુધીની રકમ બાકી હોય તેમને પણ વેર્કીંગ કેપીટલના ૨૦% મુજબ લોન આપવાનું અદભુત પગલું ભરેલ છે. સાથોસાથ વરસોથી MSME ની વ્યાખ્યા બદલવાની માંગણીમાં ફેરફાર કરી રોકાણ+ટર્નઓવર ગણી રૂા.૧૦૦ કરોડ સુધીની ડેડલાઈન કરી નકિક કરી ખુબ જ મોટી સંખ્યામાં નાના ઉદ્યોગોને ફાયદો થશે અને MSME ને જીવનદાન મળશે.

વાત કરીએ સૌરાષ્ટ્રની તો રાજકોટ અમારૂ પાટનગર હોય તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં અંદાજે ૬૦ હજાર નાની મોટી ઈન્ડસ્ટ્રીઝો હોય આ પેકેજનો સીધો ફાયદો તેમજ સૌથી વધુ ફાયદો સૌરાષ્ટ્રને થશે તેમજ સૌરાષ્ટ્રના ઉદોગકારો કોઠાસુઝ ધરાવતા હોય કુનેહતાપૂર્વક આ પેકેજનો ઉપયોગ કરી ધંધામાં મુડીની પ્રવાહીતા લાવી ખુબજ ફાયદો મેળવશે. અને ગુજરાતનાં અર્થતંત્રમાં અમારૂ નોંધપાત્ર યોગદાન રહેશે. જેથી દેશના વિકાસમાં પણ ફાયદો થશે. આનો લાભ સૌરાષ્ટ્ર ચોકકસ ઉઠાવશે અને માનનીય વડાપ્રધાનશ્રીની મહેચ્છા છે કે વોકલ ફોર લોકલ દ્વરા આત્મનિર્ભર ભારતનું નિમાર્ણ કરવામાં સૌરાષ્ટ્ર ચાવીરૂપ ભુમીકા ભજવશે. રૂા.૨૦૦ કરોડ સુધીના સરકારી ટેન્ડરો વિદેશી કંપનીઓને બાકાત રાખી માત્ર MSME માટે રીઝર્વ રાખીને સરકારે સરાહનીય પગલું ભરેલ છે.

આ કોરોનાના લોકડાઉન પિરિયડમાં સૌરાષ્ટ્રવાસીઓએ ઘણી બધું નવું નવુ કરવાની તકો ઉભી કરેલ છે. આ મહામારીમાં સમગ્ર દુનિયામાં વેન્ટીલેટરની અછત હોય રાજકોટની ખ્યાતનામ કંપનીએ દેશી વેન્ટીલેટર "ધમણ-૧" બનાવી નવો ઈતિહાસ સર્જયો છે. તેમજ રાજકોટમાં લાખોની સંખ્યામાં PPE કીટ તેમજ માસ્કનું ઉત્પાદન થાય છે અને સમગ્ર દેશ તથા વિદેશોમાં આની નિકાસ થાય છે. કોરોનાના કહેર પહેલા આનું કોઈ ઉત્પાદન થતું નહિ.

ઉચ્ચતમ ટેકનોલોજીથી બનેલાં કોઈપણ આઈટમ મોટરકારથી માંડીને આવકાશયાન સુધીમાં રાજકોટનાં બનેલા પાર્ટસ વપરાય છે. જેની નોંધ આપણાં પ્રધાનમંત્રીશ્રીએ અમેરીકામાં પોતાના ભાષણમાં લીધેલ એ જ સૌરાષ્ટ્રવાસીઓનો સંતોષ છે. સૌરાષ્ટ્ર વિવિધ ધંધામાં નિપુંણતા ધરાવતો પ્રદેશ હોય સમગ્ર જીલ્લા મુજબ સવિસ્તાર સીતાર આપવા પ્રયત્ન કરૂં છું :

- રાજકોટ : ફાઉન્ડ્રી, ફોર્જિંગ, ઓટોમોબાઈલ, મશીનટુલ્સ, સબમર્સીબલ પંપ, તેમજ કૃષિ પ્રોડકટસ તેમજ કૃષિ ઓજાર, જીનીગ, સ્પીંનીંગના ધંધાથી વખણાતુ હોય આ પેકેજથી ખુબ જ ફાયદો થશે.

- જામનગર : આ શહેર તેમજ જીલ્લામાં બ્રાસપાર્ટનો ઉદ્યોગ ખુબ જ વિકસેલો છે. અને સમગ્ર દુનિયામાં નિકાસ થાય છે. જેને પણ આ પેકેજથી ખુબ લાભ થશે.

- પોરબંદર : ખાણ ખનીજ બજાર, મત્સ્ય ઉદ્યોગ ખુબ જ મોટો હોય નિકાસની વિપુલ તકો હોય ખુબ ફાયદો થશે.

- જુનાગઢ : મગફળી ઉત્પાદનનું હબ હોય તેમજ કેશરકેરીનું જન્મસ્થળ હોય. શિંગદાણા તથા કેશરકેરીની નિકાસ સમગ્ર દુનિયામાં થતો હોય આને ભરપુર ફાયદો થશે.

- ભાવનગર : આ જીલ્લામાં શિપબ્રેકીંગનો ધંધો ખુબ જ વિકસેલ હોય ભરપુર ફાયદો થશે.

- મોરબી : આ શહેર તેમજ જીલ્લામાં સિરામીક ઉદ્યોગ જબરજસ્ત હોય તેમજ આ ઉદ્યોગ ચાઈનાને ખુબ જ ટકકર આપતો હોય ઉત્પાદનની દ્રષ્ટીએ વિશ્વમાં ૨-જા નંબરે હોય આ પેકેજથી ખુબ જ ફાયદો થશે.

- સુરેન્દ્રનગર : અહિંયા મશિન ટુલ્સનો ધંધો ખુબ જ વિકસીત હોય તેમજ કપાસની વિપુલ ઉત્પાદનથી જીનીંગ-સ્પીનીંગ મીલોનું હબ હોય. આ પેકેજથી ભરપુર ફાયદો થશે.

આમ આ પેકેજ દેશનાં નાણામાંત્રીશ્રી નિર્મલા સિતારામને યોગ્ય સમયે જાહેર કરવા બદલ તેમને પણ ખુબ ખુબ અભિનંદન..

સૌરાષ્ટ્રવાસીઓ આફતને અવસરમાં બદલવાની કોઠાસુઝ ધરાવતા હોય અને એમાંય આપણા વિઝનરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આવડું મોટું પેકેજ જાહેર કરેલ હોય, જેથી હવે અમારી પાસે મની-મેનેજમેન્ટ-માર્કેટ ત્રણેય પાસાનાં સથવારે કોરોનાં કહેરને જડમુળથી ઉખેડીને આપણી સામે ફેંકેલાં પત્થરોને પગથીયાં રૂપી પ્રગતિપંથ બનાવી ગુજરાત તેમજ ભારતને વિકાસ કરવામાં સહભાગી બની દેશને વિશ્વની મહાસતા બનવાના બારણા ખોલીએ તે અંદાજ સાથે.